# SEVADHAM
## Manav Seva Trust





## ચાલો વૈશ્વિક સ્તરે સકારાત્મક પરિવર્તનનું સર્જન કરીએ,

# માનવ સેવા તરફ એક પગલું ભરીએ

સેવાધામ માનવ સેવા ટ્રસ્ટ એ એક સંસ્થા છે જે સમાજના વંચિત અને જરૂરિયાતમંદ વર્ગોને સહાય અને સેવા પૂરી પાડે છે. અમારી સંસ્થા ના મુખ્ય ઉદ્દેશો માં સમાજમાં શિક્ષણ, આરોગ્ય, મેડિકલ, જેવી વગેરે સેવાઓ પૂરી પાડે છે.

**પ્રમુખ :** સંજયલાલ કેશવલાલ ઓઝા

**સેવાધામ માનવ સેવા ટ્રસ્ટ**

રજીસ્ટ્રેશન નંબર : એફ/૪૨૩૮/બ.કાંઠા | નોંધણી તારીખ : ૩૦/૦૮/૨૦૦૮

# પરિચય

## અમારા સેવાધામ માનવ સેવા ટ્રસ્ટ વિશે

સેવાધામ માનવ સેવા ટ્રસ્ટનો મુખ્ય હેતુ શિક્ષણ, હેલ્થકેર, આજીવિકા વિકાસ, મહિલા સશક્તિકરણ, બાળ કલ્યાણ, આપત્તિ સમયે રાહત પહોંચાડવાનો છે, અને આ માટે અમારા ઉત્સાહી સ્વયંસેવકો અને પ્રોફેશનલ્સની ટીમ સતત કાર્ય કરી રહી છે, ગરીબ વ્યક્તિ અને જેને ખરેખર મદદની જરૂર છે એવા લોકો માટે અમે સતત મહેનત કરી રહ્યા છીએ.
અમારી સ્થાપના થઈ ત્યારથી અમે એવી દુનિયા બનાવવાના વિઝનથી પ્રેરિત છીએ જ્યાં દરેકને મૂળભૂત જરૂરિયાતો, અવસર અને વધુ સારા જીવનની તક મળે.

**Our Donors**
**80+**

**Successful Campaigns**
**100+**

**Best Volunteer**
**65+**

## અમારા મૂળભૂત સિદ્ધાંત :

- જરૂરિયાત મંદ વ્યક્તિને ગરીબ નહિ પરંતુ અમને તેની સેવા કરવા માટે તક આપનાર ભગવાનના સ્વરૂપે  જોવા !
- અમારા મારફતે મદદ મેળવનારના સ્વમાનની જાણવણી કરવી !
- દાન આપનારનું દાન પૂર્ણ રીતે જે હેતુ માટે અપાયું હોય તે હેતુ માટે જ ઉપયોગમાં જાય તેનું ધ્યાન રાખવું !
- આવેલ દાન અને કરેલ સેવાનું સંપૂર્ણ પારદર્શક મોડેલ સમાજને પૂરું પાડવું !
- અમારા નવા પ્રોજેક્ટ સેવા સેતુ દ્વારા મદદ મેળવનાર અને મદદ આપનારને સીધા જ જોડી અને સામાજિક વીસમતા દૂર કરવી તેવી નેમ છે !

# કોઈ પણ પ્રકારની સહાય માટે અમારી **વેબસાઈટની મુલાકાત લો.**

**www.sevabridge.org**

## તમે મદદ કેવી રીતે મેળવી શકો છો?

- અમારી વેબસાઈટ **sevabridge.org** ની મુલાકાત લો.
- વેબસાઈટ ના ઉપર ના મેનુ માં **Get Help** પર ક્લિક કરો
- તમારી સામાન્ય માહિતી અને જરૂરિયાત મુજબ ના ડોક્યુમેન્ટ ની  વિગત ભરી ને નોંધણી કરો. ત્યારબાદ અમારા ટ્રસ્ટ તરફ થી તમને ટેલિફોન દ્વારા જાણ કરવામાં આવશે.

## તમે ડોનેશન કેવી રીતે આપી શકશો?

- અમારી વેબસાઈટ **sevabridge.org** ની મુલાકાત લો.
- વેબસાઈટ ના ઉપર ના મેનુ માં **Donations** પર ક્લિક કરો
- તમે સીધા ટ્રસ્ટ ને ડોનેશન આપી શકો છો અથવા તો તમને જેમને મદદ કરવી છે તેને પસંદ કરી ને તમારી સામાન્ય માહિતી ભરી ને ડોનેશન આપી શકો છો

## તમે સ્વયંસેવક તરીકે કેવી રીતે જોડાઈ શકો છો?

- અમારી વેબસાઈટ **sevabridge.org** ની મુલાકાત લો.
- વેબસાઈટ ના ઉપર ના મેનુ માં **Volunteer** પર ક્લિક કરો
- તમારી સામાન્ય માહિતી અને જરૂરિયાત મુજબ ના ડોક્યુમેન્ટ ની  વિગત ભરી ને નોંધણી કરો. ત્યારબાદ અમારા ટ્રસ્ટ તરફ થી તમને ટેલિફોન દ્વારા જાણ કરવામાં આવશે.

www.sevabridge.org

ગુજરાતી ENGLISH

| સેવાધામ માનવ સેવા ટ્રસ્ટ પરિવાર સાથે જોડાવ | |
| --- | --- |
| શુ તમે સેવાધામ માનવ સેવા ટ્રસ્ટ વિશે વધુ જાણવા માંગો છો? | અહી ક્લિક કરો |
| શુ તમને મદદ ની જરૂર છે? | અહી ક્લિક કરો |
| શુ તમે ટ્રસ્ટને સીધું દાન આપવા માંગો છો? | અહી ક્લિક કરો |
| શુ તમે કોઈ જરૂરિયાતમંદ ને દાન કરી મદદ કરવા માંગો છો? | અહી ક્લિક કરો |
| શું તમે મદદ માટે સ્વયંસેવક તરીકે જોડાવા માંગો છો? | અહી ક્લિક કરો |
| શું તમે સેવાધામ ટ્રસ્ટ માં સભ્યપદ મેળવવા માંગો છો? | અહી ક્લિક કરો |
| શું તમે અમારી અત્યાર સુધી ની સેવાકીય પ્રવૃતિ જોવા માંગો છો? | અહી ક્લિક કરો |

## નેત્રયજ્ઞ:

અમે નેત્રયજ્ઞ કાર્યક્રમ દ્વારા જરૂરિયાતમંદ લોકોને દૃષ્ટિ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરીએ છીએ. 20 થી વધુ વખત **"આંખની તપાસ અને મફત મોતિયાના ઓપરેશન કેમ્પ"** ના આયોજન માં **10,000** થી વધુ જરૂરિયાતમંદોએ OPD નો લાભ લીધો અને **1300** થી વધુ લોકોએ મોતિયાના ઓપરેશન કરાવ્યા.

## લોક ડાયરા:

દરેક વર્ષે, અમે લોક ડાયરાઓનું આયોજન કરીએ છીએ અને તેમાંથી ભેગી થયેલી રકમને જરૂરિયાતમંદ લોકોની મદદ માટે કે ગૌદાન માટે વાપરીને એક નેક કાર્ય કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

## પુસ્તક વિતરણ:

અમે દર વર્ષે પુસ્તકોનું વિતરણ કરીને હજારો બાળકોના શિક્ષણને ઉજ્જવળ કરીએ છીએ.

## ગાયો માટે આશ્રયસ્થાન :

ગાયોને યોગ્ય ખોરાક, સંભાળ અને રક્ષણ મળે તે સુનિશ્ચિત કરીએ છીએ, અને ગાયો માટે સલામત તેમજ સંભાળ રાખનારા આશ્રયસ્થાનો પ્રદાન કરીએ છીએ.

# અમારા કામના મુખ્ય સ્તંભો :

- શિક્ષણ
- મહિલા સશક્તિકરણ
- આરોગ્ય સંભાળ
- બાળ કલ્યાણ
- આજીવિકા વિકાસ
- આપત્તિ રાહત














SEVADHAM
Manav Seva Trust

જયારે વ્યક્તિ કે કુટુંબને તેની જીવન જરૂરિયાતની ચીજો સરળતાથી મળી રહે અને મુશ્કેલીના સમયે પણ આપણા સામાજિક વર્તુળ માંથી મદદ સરળતાથી આત્મસન્માન ની જાળવણી સાથે મળી રહે તેવા સમાજની રચના થાય ત્યારે જ તેવા માનવોનો સમૂહ રાષ્ટ્ર હિત માટે વિચારી અને તેના માટે કાર્યરત થઇ શકશે.

સેવા સેતુના માધ્યમથી એજ સામાજિક વિસામત દૂર કરી રાષ્ટ્રનો એક એક નાગરિક રાષ્ટ્ર હિત માટે સમર્પિત થવા તત્પર થાય તેવા સામાજિક વાતાવરણની રચના એ અમારી મૂળ વિચારસરણી છે !

**~ કનક ઓઝા**



## અમારો સંપર્ક કરવા માટે


**મોબાઈલ નંબર :**
+91 99257 53333

**સરનામું :**
જી : બનાસકાંઠા, તા. દિયોદર

**ઈમેલ આઈડી :**
sevadhammanavsevatrust@gmail.com